અરવલ્લી જિલ્લા ખાણ-ખનીજ વિભાગનો સપાટો : ભૂમાફિયાઓમાં હડકંપ

ગેરકાયદેસર ખનીજનું વહન કરતી ૧૩ ટ્રકો સાથે ૧.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

મોડાસા,તા. ૯

અરવલ્લી જિલ્લામાં ઓવરલોડ રેતી ખનીજની

હેરાફેરી કરી ભૂમાફિયાઓ દ્વારા સરકારી તિજોરીની આવકમાં ભારે નુકશાન કરી રહ્યા છે. જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા છેલ્લા સપ્તાહથી ભૂમાફિયાઓ અને રોયલ્ટી પાસ વગર અને ઓવરલોડ ખનીજ ભરેલી ટ્રકો પર તવાઈ બોલાવી દીધી છે. સપ્તાહમાં ત્રણ વાર ખનીજ વહન કરતી ટ્રકો કબ્જે કરી છે. જિલ્લા ખાણ ખનીજ વિભાગે ૧૨ કલાકના ટુંકા ગાળામાં ઓવરલોડ રેતી ખનિજ ભરેલી ૧૩ ટ્રકો કબ્જે કરી ૧.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી જિલ્લા પોલીસને સુપ્રત કર્યા હતા.

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી યદુવંશીના માર્ગદર્શન હેઠળ માઈન્સ ઈન્સ્પેક્ટર આલ્ફાન્સો ડિસોઝા તેમજ તેમની ટીમે છેલ્લા એક અઠવાડિયાથી ભૂમાફિયાઓને ઝડપી પાડવા અને દંડનીય કાર્યવાહી કરવા સપ્ત મહેનત હાથ ધરી હતી. જિલ્લા ખાણ ખનિજ વિભાગની કાર્યવાહિથી ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ અને ટ્રક ઓનર્સ એસોસીએશનના સહયોગથી જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં તપાસ હાથ ધરાતા ઓવરલોડ ભરેલી ૧૩ ટ્રકો ઝડપી લઈ રૂ. ૧.૩૦ કરોડની કિંમતના જપ્ત કરી અંદાજે રૂ. બે લાખનો દંડ ફટકારવાની કાર્યવાહિ હાથ ધરાઈ છે. મોડાસા તાલુકાના જીવણપુર, રાજેન્દ્રનગર સોકડી નજીકથી પાંચ ટ્રકો ઝડપી મોડાસા રૂરલ અને ટાઉનપોલીસને ટ્રકો સુપ્રત કરાઈ હતી.

જ્યારે શીકા-રમોસ માર્ગ પરથી ૧ ટ્રક સાદી રેતી ભરેલી ટ્રક ઝડપી લેવામાં આવી હતી. જે ધનસુરા પોલીસ સ્ટેશને સોંપાઈ હતી. અરવલ્લી જિલ્લા

ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ દ્વારા ૧૨ કલાકની સપ્ત કાર્યવાહિથી ૧.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી જિલ્લામાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટે અને ઓવરલોડ ખનીજનું વહન કરવા અંગે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. જિલ્લાના ભૂમાફિયાઓ ભુગર્ભમાં ઉતરી જાય તો નવાઈ નહિ.

તલોદની ટ્રિનિટી શાળાનું ગૌરવ

તલોદ, તા. ૯

અમદાવાદના જેતપુર ખાતે તાજેતરમાં ઉત્તર ગુજરાતના ૧૨ જિલ્લાઓનો પ્રદેશ કક્ષાનો યુવક મહોત્સવ યોજાયો હતો. જેમાં તલોદની ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીએ અભિનય સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું. તલોદની કુમારી સુરભી ડી. પબ્રજાએ આ પ્રદેશકક્ષાના યુવક મહોત્સવમાં એક પાત્રીય અભિનય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો અને પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. ભિલોડા ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં પણ શાળાનું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વિદ્યાર્થીનીની આ સિદ્ધિ બદલ શાળા સંચાલક મંડળ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ઈટાવડી ગામે અદાવત રાખી મારામારી કરતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

વિજયનગર, તા. ૯

વિજયનગર તાલુકાના ઈટાવડી ગામે સોમવારે નાનજીભાઈ રૂપાજી ખરાડી, મનહરભાઈ બચુભાઈ પાંડવ, શૈલેષ બાબુભાઈ પાંડવ અને જગદીશભાઈ કાનજીભાઈ પાંડવે ભેગા મળી સવજીભાઈ રૂપાજી ખરાડી સાથે જુની અદાવત રાખી ઝઘડો કર્યો હતો. સવજીભાઈ ખરાડી પર હૂમલો કરી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તેમને સારવાર માટે લઈ જવાતા હતા ત્યારે મનહરભાઈ પાંડવ, બાબુભાઈ પાંડવ અને કાનજીભાઈ પાંડવે ફરીથી ઈજા પહોંચાડી હતી. અંગે વકસીભાઈ રૂપાજી ખરાડીએ ચારેય જણા વિરૂદ્ધ મંગળવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લક્ષ્મીપુરા સેવા મંડળીના સેક્રેટરી દ્વારા આઠ લાખની હંગામી ઉચાપત

રજીસ્ટ્રારના હૂકમથી મંડળીના ચેરમેને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી

ખેડબ્રહ્મા,તા. ૯

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા સેવા સહકારી મંડળીના સેક્રેટરી દ્વારા રૂ. ૮૦૯૧૫૮ની હંગામી ઉચાપત અંગે મંડળીનાચેરમેન ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

ખેડબ્રહ્મા સેવા સહકારી મંડળીના સેક્રેટરી નરેન્દ્રકુમાર મોતીભાઈ પટેલે તેમની ફરજ દરમ્યાન તા. ૧ એપ્રીલ ૨૦૧૧થી તા. ૩૧ માર્ચ ૨૦૧૪ના સમયગાળામાં ઉચાપત કર્યાનું ઓડીટ દરમ્યાન બહાર આવવા પામ્યુ હતુ. આ સમયગાળામાં સેક્રેટરી દ્વારા રૂ. ૮૦૯૧૫૮ની માતબર રકમની નાણાંકીય ઉચાપત કરી સેક્રેટરીએ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી. ઓડીટમાં ઉચાપત જણાતા આ રકમ સેક્રેટરીએ પાછળથી મંડળીમાં જમા કરાવી હતી. આ અંગે જિલ્લા રજીસ્ટ્રારે સેક્રેટરી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવવાનો હૂકમ કરતા મંડળીના ચેરમેન જગુભાઈ મુળજીભાઈ પટેલે મંગળવારના રોજ સેક્રેટરી નરેન્દ્રભાઈ પટેલ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મેઘરજમાં ચાર વર્ષીય બાળકી ડેન્ગ્યુના ભરડામાં

બે માસ અગાઉ તાલુકામાં છ જેટલા ડેન્ગ્યુના દર્દીઓ નોંધાવવા પામ્યા હતા

ઈસરી, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં છેલ્લા બે માસ દરમિયાન ડેન્ગ્યુના છ દર્દીઓ બહાર આવ્યા બાદ આજે મેઘરજ નગરમાં એક ડેન્ગ્યુનો દર્દી બહાર આવતા સમગ્ર નગરમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

વિગત એવી છે કે છેલ્લા બે માસ અગાઉ અસહ્ય ગરમીના કારણે તાલુકાના વલુણા ધાંધીયા તેમજ મેઘરજનગરના છ જેટલા દર્દીઓ ડેન્ગ્યુમાં સપડાયા હતા. વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. બાદ થોડાક દિવસોના વિરામ બાદ ગઈકાલે મેઘરજનગરમાં ચાર વર્ષિય બાળકી સુમૈયાબેન બાકરોલીયાને છેલ્લા કેટલાય દિવસોથી તાવ ઉધરસના લક્ષણો જણાતા તાકીદે સ્થાનિક તબીબોની સારવાર લીધી હતી. પરંતુ લેબોરેટરી કરાવતા આ બાળકીને ડેન્ગ્યુના લક્ષણ જણાતા તાકીદે અમદાવાદ ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર મેઘરજનગરમાં નાગરિક બેંકથી ગાયત્રી મંદિર તેમજ પંચવટી સોસાયટી બજારના મુખ્ય માર્ગો ઉપર પંચાયત હસ્તકની નીકો ગંદકીથી ઉભરાવવા માંડી છે. જેના કારણે નગરમાં ટાઈફોઈડ, કોલેરા, મેલેરીયા, ડેન્ગ્યુ જેવા દર્દીઓ ભયંકર રોગચાળામાં સપડાઈ ગયા છે. આ અંગે નગરજનોની તાકીદે નગરમાં દવાનો છંટકાવ કરવા ઉગ્ર માંગણી કરી છે.

ભિલોડાના ધોલવાણી ચોકડી પાસે દુકાનના તાળા તોડી ૭૬ હજારની ચોરી

ભિલોડા, તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં તસ્કરોએ છેલ્લા કેટલાક સમયથી તરખાટ મચાવ્યો છે. ભિલોડા પેટ્રોલ પંપથી કૃષ્ણ સિનેમા, નારણપુર-નારસોલી રોડ, ભિલોડા-મઉં રોડ વિગેરે માર્ગો ઉપર ટ્રાફીકે માઝા મુંકી છે ત્યારે પ્રજાજનો ત્રાહિમામ થઈ ગયા છે. ભિલોડા પંથકમાં ખાખી વર્દીનું નરમ વલણ જોઈ કોઈ કોઈને કહેનાર જ નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

ભિલોડામાં બનાવેલા મોટા-મોટા કોમ્પલેક્ષોમાં બિલ્ડરો ધ્વારા સી.સી.ટી.વી. કેમેરા મુકયા જ નથી. નવા ડેવલોપ થતા એરીયામાં તસ્કરીની ઘટનાઓ બનતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. થોડા દિવસ અગાઉ ધોલવાણી ત્રણ રસ્તે તાજેતરમાં પ્રકાશભાઈ પટેલની રૂા.ચાર લાખની જીપ ચોરાઈ હતી તે પછી મઉં ત્રણ રસ્તે વાંકાનેરની વિધવા મહિલાને લોનના નામે ભરમાવી રૂા.૨૫,૦૦૦/- મત્તા તસ્કરો લઈ ભાગી ગયા હતા. એસ.ટી.બસ સ્ટેન્ડ એરીયામાં એકલ-દોકલ મહિલાઓના ગળામાંથી દર દાગીના ખેંચી જવાની ઘટનાઓ રોજ-બરોજની સાંભળવા મળે છે ત્યારે તા.૭/૧૨/૧૫ થી તા.૮/૧૨/૧૫ની વચ્ચે કોઈ અજાણ્યા તસ્કરો ધોલવાણી ત્રણ રસ્તે સુખસાગર પ્લાઝામાં ફેશન સ્ક્વેર નામની દુકાનના તાળા તોડી દુકાનમાં પ્રવેશ કરી રેડીમેડ કપડા, લેડીઝ કપડા, સાડી, પેન્ટ, શર્ટ વિગેરે ચોરી જઈ રૂા.૭૬,૧૨૦/-નો મુદ્દામાલ ચોરાઈ ગયાનું જાણવા મળેલ છે.

ફરીયાદી પુજાભાઈ જીવાભાઈ અસારી, રહે.કલ્યાણપુર આ બાબતે ફરીયાદ કરતાં ભિલોડા પોલીસે ૪૫૭,૩૮૦ મુજબ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

જેસંગપુરા પાસે લકઝરીએ બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજના જેસંગપુરા વળાંક પાસે મંગળવારે રાત્રે પસાર થતાં લકઝરીના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડ ક્રોસ કરી રહેલા બાઈકને ટક્કર મારતા ચાલનકું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે પ્રાંતિજ પોલીસેગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મંગળવારે રાત્રે જેસંગપુરા પાટીયા પાસેથી પસાર થતી લકઝરી બસ નં. જીજે.૩૬.ટી.૦૪૧૭ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડ ક્રોસ કરી રહેલા ભરતસિંહ દિપસિંહ રાઠોડની બાઈક નં. જીજે.૦૯.સીએમ. ૦૨૯૨નેટક્કર મારતા ભરતસિંહ રાઠોડને ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જોકે અકસ્માત કરીને લકઝરીનો ચાલક ભાગી ગયો હતો. અંગે વિક્રમસિંહ દિપસિંહ રાઠોડે લકઝરીના ચાલક વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પરોસડા ચોકી પરથી ૪૦ હજારનો ટેન્ટ ચોરાયો

હિંમતનગર, તા. ૯

વિજયનગર તાલુકાના પરોસડા ચોકડી પર પોલીસ વિભાગ દ્વારા ઉભા કરાયેલા રૂ. ૪૦ હજારની કિંમતના સરકારી ટેન્ટની તા. ૫ ડિસેમ્બરના રોજ અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે વિજયનગરના પી.એસ.આઈ. એ.બી. ઠાકોરે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઠંડીનો ચમકારો

ગ્રામ્ય વિસ્તારમાં ઠંડી રક્ષણ મેળવવા તાપણીના સહારે

મોડાસા,તા. ૯

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં રાત્રીના સમયે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં શીતલહેરથી ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડકનો અનુભવ વધારે પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. નવેમ્બરના છેલ્લા દિવસોમાં ગરમીનો અહેસાસ થતો હતો પરંતુ છેલ્લા ત્રણેક દિવસથી ઠંડીનો ચમકારો અનુભવાતા બન્ને જિલ્લાના પ્રજાજનો શાલ, સ્વેટર તેમજ જેકેટ જેવા ગરમ વસ્ત્રો બહાર કાઢવાની ફરજ પડી છે. તો કેટલાક પ્રજાજનો રાત્રીના સમયે ઠેર ઠેર તાપણી કરી ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતા રાત્રીના સમયે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ઠંડક અનુભવાઈ રહી છે. ડિસમ્બર મહિનામાં એકાએક વાતાવરણમાં ઠંડીનો ચમકારાનો અહેસાસ થતા ગરમીથી ત્રસ્ત બનેલા પ્રજાજનોમાં રાહત અનુભવાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાં ઉભો પાક લહેરાતા અને પીયત જમીનની નજીકના રહેણાંક વિસ્તારોના ગ્રામજનો ઠંડીથી ઠુંઠવાઈ જતા ઘરોમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે. છેલ્લા ત્રણેક દિવસથી ઠંડીના ચમકારાના પગલે ઘર તેમજ ઓફીસોમાં એસી, કુલર, પંખા બંધ રાખવા પડે છે તો સાંજથી વાતાવરણમાં ઠંડક ફેલાતા શાલ, સ્વેટર તેમજ જેકેટ જેવા ગરમ વસ્ત્રો બહાર કાઢવાની ફરજ પડી છે. વાતાવરણમાં ઠંડીનો ચમકારો દેખાતાં ગરમ વસ્ત્રોનું વેચાણ કરતા દુકાનદારો અને ફેરીયાઓને તડાકો બોલાઈ રહ્યો છે.

સાંજના ઠંડા વાતાવરણના કારણે રાત્રીના ૯ વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધી હાઈવે તેમજ કાચા માર્ગો પર સૂમસામ જોવા મળે છે. તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડી સામે રક્ષણ મેળવવા કેટલાક લોકો તેમજ મોડી રાત સુધી ખેતરોમાં પાકની રખવાળી કરતા ખેડૂતો રાત્રીના સમયે ઠેર-ઠેર તાપણી કરતા નજરે જોવા મળે છે.

હિંમતનગરના મોતીપુરા વર્કશોપ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બે ના મોત

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એસ.ટી. વર્કશોપ પાસે બુધવારે બપોરે ટ્રકના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈક સવારને હડફેટે લેતાં હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામના બે પરિણીત ભાઈઓના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે બપોરના સુમારે ટ્રક નં. જીજે.૦૨.વીવી.૮૪૨૨ના ચાલક મોતીપુરા વિસ્તારમાં આવેલ એસ.ટી. વર્કશોપ પાસેથી પુરઝડપે પસાર થઈ રહ્યો હતો. ત્યારે ટ્રકના ચાલકે ચાંપલાનાર ગામના નંબર વગરનું નવું બાઈક લઈને જતા બંને પરીણીત પ્રકાશભાઈ ભાયચંદભાઈ પટેલ અને નરસિંહભાઈ ભાયચંદભાઈ પટેલ બે સગા ભાઈઓને હડફેટે લીધા હતા. જેથી આ બંને ભાઈઓ પર ટ્રક ફરી વળતા તેમના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જેના કારણે આસપાસના વિસ્તારમાંથી પસાર થતા લોકો એકત્ર થઈ ગયા હતા.

જોકે અકસ્માત સર્જીને ભાગી ગયેલો ટ્રકનો ચાલક નજીકમાં આવેલ પીપળીયા ગામ પાસેથી પકડાઈ ગયો હતો. અકસ્માતની ઘટના અંગે ચાંપલાનાર ગામના અશોકભાઈ, રણછોડભાઈ પટેલે ટ્રક ચાલક વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

તલોદમાં અજાણ્યા બાઈકે ટક્કર મારતા એકનું મોત

તલોદ, તા. ૯

તલોદના માર્કેટયાર્ડ પાસેથી ગત તા. ૨૮ નવેમ્બરે એક નંબર વગરના બાઈક ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી હંસાબેન સંજયભાઈ પટેલને ઈજા પહોંચાડી હતી. જેથી તેમનું મોત નિપજ્યું હતું.

ત્યારબાદ બાઈક ચાલક અકસ્માત કરીને ભાગી ગયા હતા. જે અંગે રાકેશકુમાર રસિકલાલ પટેલે બાઈક ચાલક નિકુલસિંહ કાળુસિંહ પરમાર વિરૂદ્ધ મંગળવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગઢ ગામે ડો.આંબેડકરના નિર્વાણ દિન નિમિતે સન્માન સમારોહ યોજાયો

પાલનપુરતાલુકાના ગઢ ગામે આજે ડો. આંબેડકરના નિર્વાણ દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી વિવેકાનંદ યુવા વર્તુળ દ્વારા ગઢ પંથકના ધારાશાસ્ત્રીઓ વિવિધ ક્ષેત્રે નામના પ્રાપ્ત કરનાર વિશિષ્ટ વ્યક્તિઓ અને સાહિત્યકારોનું બહુમાન કરવામાં આવ્યું હતું. પાલનપુર તાલુકાના ગઢ ગામે શ્રી વિવેકાનંદ યુવા વર્તુળ દ્વારા ગામમાં રચનાત્મક પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેઓ વિવિધ ક્ષેત્રે કામ કરતા લોકોને પ્રોત્સાહિત કરવા સન્માન સમારોહ યોજવામાં આવી રહ્યા છે. ત્યારે ગઢ ગામના વિકાસ અને લોક સેવામાં ઉપયોગી બનેલા લોકોનું સન્માન કરવા માટે આજે ગઢના રામજીમંદિર ખાતે વિવેકાનંદ યુવા વર્તુળના નેજાહેઠળ ગામના ઉત્સાહી યુવા આગેવાન અમરતભાઇ વી. દેસાઇ અને તેમની ટીમ દ્વારા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આઝાદીના લડવૈયા અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરની આજે પુર્ણતિથી હોઇ તેની ઉજવણી નિ મિતે આ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ચેક રીટર્ન કેસમાં ખેડબ્રહ્મા શખ્સને બે વર્ષની સજા અને એક લાખનો દંડ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્માના શખ્સે ગામના જ એક વ્યક્તિ પાસેથી બે વર્ષ અગાઉ ઉછીના લીધેલા રૂ. સાત લાખ પરત નહી કરતા તેમની વિરૂદ્ધ ખેડબ્રહ્માના જ્યુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો. જે કેસ ચાલી જતાં ન્યાયાધીશે આરોપીને બે વર્ષની સજા અને રૂ. એક લાખનો દંડ ફટકાર્યો છે.

ખેડબ્રહ્માના ન્યુ ગુજરાત ટાયર સર્વીસના માલીક સુનીલ પરમેશ્વર નાયર પાસેથી ગામના જ વણજારા દિનેશભાઈ અંજારીજીએ રૂ. ૭ લાખ લીધા હતા અને થોડાક સમયમાં પાછા આપવાનો વાયદો કર્યો હતો જે અંગે સુનીલ નાયરે દિનેશભાઈ વણજારા પાસે વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં પરત કર્યા ન હતા જેથી સુનીલ નાયરે દિનેશભાઈ વણજારા વિરૂદ્ધ ખેડબ્રહ્માની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

જે કેસ તા. ૮ ડિસેમ્બરે ચાલી જતાં ન્યાયાધીશ જીતેન્દ્રકુમાર વી. જોષીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ દિનેશભાઈ વણજારાને તકસીરવાર ઠરાવી બે વર્ષની સાદી કેદની સજાનો તથા રૂ. ૧ લાખના દંડનો હૂકમ કર્યો હતો. તેમજ રૂ. ૭ લાખ સુનીલ નાયરને વળતર પેટે ચુકવવા આદેશ કર્યો છે. દિનેશભાઈ વણજારા વિરૂદ્ધ ચેક કેસમાં હૂકમને લઈ ખેડબ્રહ્માની કોર્ટમાં ચાલતા ચેક રીટર્ન કેસના આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે.